ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ





## બારડોલી પંથકમાં SIR સામે કોંગ્રેસનો વિરોધ

**2002ની** યાદીમાં સામેલ લોકોને પણ ખોટી રીતે નોટિસ કાઢી હેરાન કરવામાં આવતા હોવાનો આક્ષેપ

બારડોલી: બારડોલીમાં ચાલી રહેલ મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા સામે બારડોલી શહેર કોંગ્રેસ તરફથી વાંધો રજૂ કરવામાં આવ્યો છે. કોંગ્રેસનો આરોપ છે કે આ કામગીરી ન્યાયિક પ્રક્રિયાની વિરુદ્ધ છે. બારડોલીમાં 2002ની મતદાર યાદીમાં જેના નામ હતા તેવા મતદારોને અન નોટિસ કાઢી પુરાવાની માંગણી કરવામાં આવી રહી છે. જેને કારણે લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ અંગે મળતી માહિતી અનુસાર હાલમાં બારડોલીમાં SIRની બીજા તબક્કાની કામગીરી ચાલી રહી છે. ડ્રાફ્ટ મતદાર યાદીમાં જેમના નામનો નથી આવ્યા કે અધૂરાં ડૉક્યુમેન્ટ રજૂ કર્યાં છે તેમને નોટિસ પાઠવવામાં આવી રહી છે અને જરૂરી દસ્તાવેજો જમા કરાવવાનું કહેવામાં આવ્યું છે. જો કે આ કામગીરીમાં બારડોલીના લોકોને ઘણી હાલાકીની સામનો કરવો પડી રહ્યો હોવાનું બારડોલી શહેર કોંગ્રેસ દ્વારા પ્રમુખ કિરણ લાકડાવાળાની આગેવાનીમાં આપવામાં આવેલ આવેદનમાં જણાવવામાં આવ્યું છે. શુક્રવારના રોજ બારડોલી નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપતા જણાવ્યું હતું કે, વર્ષ 2002ની મતદાર યાદીમાં જેના નામ હતાં તેઓને પણ હાલમાં નોટિસ કાઢી પુરાવાઓની માંગણી કરવામાં આવી રહી છે. જેમાં નામ ડ્રાફ્ટ યાદીમાં સામેલ છે તેઓની પણ આ પ્રક્રિયામાંથી પસાર થવું પડી રહ્યું છે. આથી લોકોએ કામ ધંધો છોડીને ડોક્યુમેન્ટ જમા કરાવવા માટે આખો દિવસ લાંબી કતારોમાં ઊભા રહેવું પડે છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, સSIRની કામગીરી બાબતે ફેરવિચારણા કરવાની માગ કરી છે. એટલું જ નહીં એસઆઈઆરની સાથે નવી બૂથ યાદીમાં પણ ભારે વિસંગતતા જોવા મળી રહી છે.

# બારડોલીના શામરિયા મોરામાં રસ્તા પુરાણથી લોકોમાં આક્રોશ

**બિલ્ડરોના** લાભ માટેની બોક્સ કલ્વર્ટ લોકો માટે અભિશાપ



### કલ્વર્ટ તોડવામાં આવે તો જ સમસ્યા ઉકેલાય

સ્થાનિકો સ્પષ્ટપણે માની રહ્યા છે કે બોક્સ કલ્વર્ટ જ આ આફતનું મૂળ છે, તેથી લોકોની માંગ છે કે આ કલ્વર્ટ તોડીને ખાડીને ફરીથી તેના કુદરતી સ્વરૂપમાં જ વહેવા દેવામાં આવે. રહીશોમાં એ વાતનો ભારે કચવાટ છે કે પાલિકા પોતાની આયોજન વગરની ભૂલો સુધારવાને બદલે જનતા પર નવો બોજ લાદી રહી છે. જો આ કામગીરી તાત્કાલિક અટકાવીને કોઈ વૈજ્ઞાનિક ઢબે ઉકેલ લાવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સ્થાનિકો દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

### અમે સરવે કરીને જ કામગીરી શરૂ કરી છે: સુમિત ગાંવીત

બીજી તરફ બારડોલી નગરપાલિકાના મ્યુનિસિપલ ઇજનેર સુમિત ગાંવીતે જણાવ્યું હતું કે, અમે સરવે કરીને જ કામગીરી શરૂ કરી છે. કોઇનાં ઘરોમાં પાણી ભરાશે નહી. વરસાદી પાણીના નિકાલ માટે નવી લાઇન પણ નાંખવામાં આવશે.

બારડોલી: બારડોલી નગરપાલિકા દ્વારા આયોજન વગર કરવામાં આવતાં કામો હવે સ્થાનિક રહીશો માટે આફત બની રહ્યાં છે. ખાસ કરીને શામરિયા મોરા વિસ્તારમાં પાલિકા દ્વારા રસ્તા પર માટી પુરાણ કરી તેને દોઢથી બે ફૂટ જેટલો ઊંચો કરવાની તજવીજ હાથ ધરવામાં આવતાં સ્થાનિકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. રહીશોનો તર્ક છે કે રસ્તો ઊંચો થવાથી તેમનાં ઘરો આપોઆપ નીચા થઈ જશે, જેના કારણે આગામી ચોમાસામાં રોડ પરનું પાણી સીધું લોકોના ઘરોમાં ઘૂસી જવાની પૂરેપૂરી શક્યતા છે.

આ સમગ્ર વિવાદ પાછળ પાલિકાની અગાઉની કામગીરી જવાબદાર મનાય છે. થોડા સમય અગાઉ પાલિકાએ કરોડો રૂપિયાના ખર્ચે કુદરતી ખાડીને બોક્સ કલ્વર્ટમાં રૂપાંતરિત કરી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર બિલ્ડરોને આડકતરો ફાયદો કરાવવા માટે લેવાયેલા આ નિર્ણયને કારણે વર્ષોથી જે વિસ્તારોમાં પાણી નહોતું ભરાતું, ત્યાં હવે ચોમાસામાં પૂર જેવી સ્થિતિ સર્જાય છે. શામરિયા મોરા અને આશાપુરા મંદિર પાસે તો હાલમાં ચોમાસા વગર પણ ગટરના પાણી ભરાઈ રહ્યા છે, જેના કારણે લોકોનું જીવવું દુષ્કર બન્યું છે.

હવે આ સમસ્યાના ઉકેલ તરીકે પાલિકાએ રસ્તો ઊંચો કરવાની કામગીરી શરૂ કરી છે, પરંતુ આ નિર્ણય લેતા પહેલા સ્થાનિક રહીશોને વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી. રસ્તો ઊંચો થવાથી રહેણાક મકાનો નીચા થઈ જશે અને માત્ર પુરાણ કરવાથી આ જટિલ સમસ્યાનું કાયમી નિરાકરણ આવશે કે કેમ તેની કોઈ ખાતરી પાલિકા પાસે નથી. ઊલટાનું, એક તરફ રસ્તો ઊંચો કરવાથી પાણીનો પ્રવાહ ડાયવર્ટ થઈને અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પણ જળબંબાકારની સ્થિતિ પેદા કરી શકે છે તેવી ભીતિ રહીશો વ્યક્ત કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગણેશ સુગરને મજબૂત બનાવનાર ત્રણ પૂર્વ ચેરમેનના બોર્ડ રૂમમાં ફોટા મુકાયા



ભરૂચ: ગણેશ સુગરના પૂર્વ ચેરમેન સ્વ.અંબુભાઈ મહીડાની 11 પુણ્યતિથિ ગણેશ સુગરમાં રાખવામાં આવી હતી. ગણેશ સુગરના આદ્યસ્થાપક અને પાછળથી ખેડૂતો માટે શ્રેષ્ઠ વહીવટ આપનાર કર્ણધાર ત્રણ ચેરમેનોની યાદમાં બોર્ડ રૂમમાં આ વખતે ફોટા લગાવ્યા હતા. પાંચ દાયકા પહેલા કપાસની ખેતીમાં રોગ આવતા ભરૂચ જીલ્લાના સ્વ.હરિસિંહ મહીડા અને સ્વ.મુળજીભાઈ સાયણીયા સહિતના દિગ્ગજ આગેવાનોનો વિચારથી વટારિયામાં ગણેશ સુગર મૂર્તિમંત બની હતી. તેમની કોઠાસૂઝ અને કુનેહ લઈને વાલિયામાં ઊભી કરાયેલી સુગર ફેક્ટરી ત્રણ જિલ્લાના ખેડૂતો માટે વિકલ્પરૂપ ઉદ્યોગ બન્યો હતો. ગણેશ સુગર ફેક્ટરીનાં બોર્ડ રૂમમાં હમણા સુધી દીર્ઘદ્રષ્ટિરૂપ પૂર્વ ચેરમેનનાં ફોટોગ્રાફસ મૂક્યા ન હતા. આ વખતે ગણેશ સુગરના કસ્ટોડિયન કમિટીના ચેરમેન મહેન્દ્રસિંહ મહિડાએ પહેલીવાર પહેલ કરી છે. પુણ્યતિથિનાં દિવસે સુગરના બોર્ડ રૂમમાં ચેરમેનની ખુરશી પાછળ સુગરને મજબૂત કરનાર દિગ્ગજ સ્વ.હરિસિંહ મહીડા ઉર્ફે નાના, સ્વ.મુળજીભાઈ સાયણીયા અને સ્વ.અમરસિંહ (અંબુભાઈ) મહીડાનો ફોટોગ્રાફસ મૂકીને તેઓના સંસ્મરણો વાગોળ્યાં હતાં.

### દક્ષિણ ગુજરાતના ફેર પ્રાઈઝ શોપ સંચાલકોનો સ્નેહમિલન સમારોહ યોજાયો



વિશાલ પટેલ

કામરેજ: દક્ષિણ ગુજરાતના ફેર પ્રાઈઝ શોપ સંગઠન દ્વારા સોમવાર રોજ ભવ્ય 'સ્નેહ મિલન સમારોહ'નું આયોજન કામરેજ ચાર રસ્તા પાસે આવેલા દાદા ભગવાન મંદિર પરિસરમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મુખ્ય અતિથિ વિશેષ તરીકે ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનના પ્રમુખ પ્રહલાદભાઈ મોદી સહ-અધ્યક્ષ અલ્પેશ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રહલાદભાઈ મોદીએ તમામ દુકાનદારોને વિશેષ માહિતી આપી હતી. આવનારા દિવસોમાં પણ કેવા પડકારો આવવાના છે તેની સામે શુ કરવુ જોઈએ તેની પણ વિશેષ માહિતી આપી હતી.

### કોસંબામાં એપાર્ટમેન્ટના પાર્કિંગમાં પાર્ક કરેલી મોટરસાઇકલની ચોરી

હથોડા: કોસંબાના રોશન એપાર્ટમેન્ટ ખાતે રહેતા મોહમ્મદ યામીન રીયાઝુલ સલમાનનીએ પોતાની જીજે 16 સીએલ 8369 નંબરની મોટરસાઇકલ નિત્યક્રમ પ્રમાણે એપાર્ટમેન્ટના નીચે પાર્કિંગમાં મૂકી હતી. જેને રાત્રિના સમયે ચોર ચોરી ગયા હતા. આ બનાવ અંગે પોલીસમાં ફરિયાદ દાખલ કરવા માટે લેખિત ફરજ આપી છે, પરંતુ હજી સુધી ફરિયાદ દાખલ થઈ નથી.

### ઉચ્છલના થુટીથી સોનગઢ વચ્ચે નવી બસ સેવા શરૂ કરવા રજૂઆત

વ્યારા: ઉચ્છલ તાલુકામાં થુટીથી સોનગઢ સુધી અલાયદી એસ.ટી. બસ સેવા શરૂ કરવાની માંગ ઉઠવા પામી છે. ઉચ્છલના થુટી ગામથી સોનગઢ વ્યારા તરફ આવવા જવા માટે કોઈ બસની સુવિધા ન હોવાથી શાળા કોલેજમાં ભણવા જતાં વિદ્યાર્થીઓ સહિત કામ ધંધા અર્થે જતાં લોકો તેમજ નોકરિયાતોને ઉચ્છલ નવાપુર તરફથી આવતી અન્ય એસ.ટી બસ પર નિર્ભર રહેવું પડે છે. આ બસ તેમજ ખાનગી વાહનો પર નિર્ભર રહેવું પડે છે ત્યારે તાત્કાલિક ધોરણે સોનગઢથી થુટી ગામ સુધી નવી બસ ફાળવવા બાબતે તાપી જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉચ્છલ તરફથી સોનગઢ તરફ આવતી લોકલ એસ.ટી બસ 6 ગામના બસ સ્ટોપ પર ઊભી રહેતી ન હોવાથી વિદ્યાર્થીઓ સહિત મુસાફરો રોષ ફેલાયો છે. જેને લઇને કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં બસ ઊભી ન રહેતા સોનગઢથી થુટી ગામ સુધી નવી બસ ફાળવવા માંગ કરવામાં આવી છે. જેમાં થુટી ગામથી સવારે 7.30 કલાકે સોનગઢ જવા માટે અને બપોરે 1.30 કલાકે સોનગઢથી થુટી ગામ સુધી જવા માટે નવી એસ.ટી બસ સેવા શરૂ કરવા માટે તાપી જિલ્લા યૂથ કોંગ્રેસના પ્રમુખ સહિતના હોદ્દેદારો તેમજ કોલેજ વિદ્યાર્થીઓએ સોનગઢ ડેપો મેનેજરને રજૂઆત કરી હતી. અને પાંચ દિવસમાં બસ સેવા શરૂ કરવામાં નહીં આવે તો બસ રોકો આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

### કામરેજ તાલુકા પંચાયતની શામપુરા અને નવાગામ બેઠકો બદલાઈ

કામરેજ: કામરેજ તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતોની ચૂંટણી આગામી દિવસોમાં આવી રહી છે. જેને લઈ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા કામરેજ તાલુકા પંચાયતની 20 બેઠકની ફાળવણી ગત નવેમ્બર માસમાં કરી દેવામાં આવી હતી, જેમાં અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે કામરેજ-1, ખોલવડ-1, ખોલવડ-2 અને નવાગામ-2, અનુસૂચિત આદિજાતિ આંબોલી, કામરેજ-2, નવાગામ-1, સામાન્ય સ્ત્રી માટે ઘલા, દિગસ, જોખા, કોસમાડા અને નવી પારડી, સા.શૈ. પછાત વર્ગ સ્ત્રી માટે ડુંગરા, હલધરૂ, બિન અનામત સામાન્ય માટે સેવણી, શામપુરા, શેખપુર, ઉંભેળ, અનુસૂચિત જાતિ માટે વાવ અને બિન અનામત સામાન્ય માટે વિહાણની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ નવાગામ-1 જે અનુસૂચિત આદિજાતિ બેઠક હતી, જેની જગ્યાએ હવે બિન અનામત સામાન્ય કરવામાં આવી છે. જ્યારે શામપુરા બિન અનામત સામાન્ય હતી તેની જગ્યાએ અનુસૂચિત આદિજાતિ કરવામાં આવી છે.

### ઝંધાર ખાતે મુસ્લિમ સમાજનો સમૂહ લગ્નોત્સવ સમારોહ યોજાયો

પાલેજ: ભરૂચના ઝંધાર સ્થિત મિસ્બાહી મિશન ઝંધાર બ્રાન્ચ દ્વારા મુસ્લિમ સમાજનાં યુવક-યુવતીઓનો છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ સમારોહ યોજાયો હતો. સમૂહ લગ્નોત્સવ સમારોહમાં મુસ્લિમ સમાજના બાર યુવક-યુવતીઓએ નિકાહ કર્યાં હતાં.

### સરસાણામાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત

સાયણ: ઓલપાડના સરસાણા ગામે કોબા રોડ ઉપર આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતેથી ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલના હસ્તે રૂ.૪૦.૯૬ કરોડનાં ૧૩ વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહ યોજાયો હતો. મોર જિલ્લા પંચાયત સીટમાં સમાવિષ્ટ ગામોમાં મંજૂર થયેલા રૂ.૪૦.૯૬ કરોડના વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહૂર્ત અને લોકાપર્ણ કરતાં મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે, પોલીસ તંત્ર રાજ્યમાં કાળા કારોબારને નાથવામાં સતત સફળ થઈ રહ્યું છે. જ્યારે સુરત જિલ્લામાં પણ હાટ બજારની આડમાં ડ્રગ્સનું દૂષણ વધતાં યુવાનોનાં માં-બાપે સતર્ક રહેવાની જરૂર છે. મેં સાયણ, ઓલપાડ, કીમ સહિતના વિવિધ વિસ્તારોમાં ચાલતાં હાટ બજારો તાકીદે બંધ કરવા સૂચના આપી દીધી છે. આ કાર્યક્રમમાં ઓલપાડ તા.પં.નાં પ્રમુખ નીતાબેન પટેલની ટીમ, જિ.પં.ના સભ્યો, તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપસિંહની સંગઠન ટીમ, વિવિધ ગામોના સરપંચો સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## રે કળિયુગ ! ઠપકો આપતાં પુત્રએ માતાને પતાવી દીધી

**રાજપીપળા** નજીકના રાજુવાડિયા ગામની કરુણ ઘટના

રાજપીપળા: નાંદોદ તાલુકાના જૂના રાજુવાડિયા ગામમાં માનવતાને શરમાવે તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. નજીવી બાબતે થયેલા ઝઘડામાં એક પુત્રએ જ પોતાની સગી જનમદાત્રીની હત્યા કરી નાંખતા સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદના જૂના રાજુવાડિયા (નવી વસાહત) ખાતે રહેતાં ૫૫ વર્ષીય મીરાબેન શંકરભાઈ વસાવા તેમના પુત્ર રણજીતભાઈ દિવાલભાઈ વસાવાને 'તું કોઈ કામધંધો કરતો નથી' તેમ કહી અવારનવાર ઠપકો આપતાં હતાં. આ બાબતે માતા-પુત્ર વચ્ચે વારંવાર બોલાચાલી થતી હતી. ગત રોજ પણ આ જ મુદ્દે ઉગ્ર ઝઘડો થયો હતો. આવેશમાં આવી ગયેલા પુત્ર રણજીતે કોઈ અજાણ્યા હથિયાર અથવા સાધન વડે માતાના કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલો એટલો ઘાતક હતો કે મીરાબેનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે મૃતકના પુત્રવધૂ રસીલાબેન દિલીપભાઈ વસાવાએ આમલેથા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોતાની માતાની હત્યા કર્યા બાદ આરોપી રણજીત વસાવા સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

## યુવાનોએ બનાવેલા ગ્રાઉન્ડની ગ્રાન્ટ પંચાયતે હજમ કરી!

**વ્યારાના** કેળકુઈમાં રમતગમતના મેદાનની ગ્રાન્ટમાં મોટો ભ્રષ્ટાચાર, કલેક્ટરને ફરિયાદ

વ્યારા: વ્યારાના કેળકુઈ ગામે રમતગમતના મેદાનની કામગીરીમાં કઠિત ભ્રષ્ટાચાર કરાયો હોવાની બૂમરાણ ઊઠી છે. કેળકુઈ ગામમાં ગ્રામ પંચાયતમાં ઠરાવ કરીને વર્ષ-2019માં ગામના યુવાનોએ જાતે મહેનત કરી અને પોતાના ખર્ચે રમતગમત માટે ગ્રાઉન્ડ બનાવ્યું હતું. જેમાં પંચાયત તરફથી કોઈ આર્થિક સહયોગ લેવામાં આવ્યો ન હતો. તેમ છતાં પંચાયતના હોદ્દેદારોએ ગત 2025માં ઓગસ્ટ મહિનામાં ટીડીઓ ચેકિંગ હોય તાત્કાલિક તકતી ગોઠવી તખ્તીમાં ગ્રાઉન્ડ શરૂ કર્યાની તા.31-3-2022 નું વર્ષ અને ખર્ચ બતાવી ગ્રાઉન્ડ બનાવવાની આખેઆખી ગ્રાંટ પંચાયતના હોદ્દેદારો હજમ કરી જતાં રમતપ્રેમી યુવાનોમાં રોષ ભભૂકી ઊઠ્યો છે. અને ગામમાં પ્લે ગ્રાઉન્ડમાં ગ્રાંટમાં થયેલા કથિત ભ્રષ્ટાચાર બાબતે તાપી કલેક્ટરને લેખિત ફરિયાદ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, કથિત લાખો રૂપિયા બારોબાર ઉચાપત કરી જવા મામલે ગામના યુવાનોએ ગામના તલાટી પાસેથી આ બાબતે પૂછતાં યોગ્ય જવાબ ન મળતાં ગતરોજ તાપી કલેક્ટરને રજૂઆત કરી હતી. વ્યારા સહિત જિલ્લાનાં અન્ય ગામોમાં પણ જો તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તો અનેક ગામોમાં રમત ગમતના મેદાનની કામગીરીમાં મોટાપાયે ગેરરીતિ બહાર આવવાની પ્રબળ શક્યતાઓ રહેલી છે.

## હજુ વાર: ભરૂચથી બુલેટ ટ્રેન ઓગસ્ટ 2027માં પસાર થશે

**મુંબઈ-**અમદાવાદ કોરિડોર પર તબક્કાવાર લોન્ચિંગ શરૂ થશે



ભરૂચ: ભરૂચથી પસાર થતી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ આગામી તા.15મી ઓગસ્ટ-2027ના રોજ કાર્યરત થવાની તૈયારીમાં છે, એમ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુરુવારે મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર માટે તબક્કાવાર રોલઆઉટ યોજનાની રૂપરેખા અંગે મત વ્યક્ત કર્યો છે.

વૈષ્ણવે જણાવ્યું હતું કે બુલેટ ટ્રેનનો પ્રારંભિક કાર્યકારી ભાગ સુરત અને બીલીમોરા વચ્ચે ખૂલશે, ત્યારબાદ વાપી-સુરત, વાપી-અમદાવાદ અને અંતે થાણે-અમદાવાદને આવરી લેતા વિભાગો શરૂ થશે, જે કોરિડોરને તબક્કાવાર પૂર્ણ કરશે. જાપાની શિંકનસેન ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવી રહેલા મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ડિઝાઈન ગતિ 320 કિમી પ્રતિ કલાક હશે અને તે લગભગ 300 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે તેવી અપેક્ષા છે, જેનાથી બંને શહેરો વચ્ચેનો મુસાફરીનો સમય સંપૂર્ણપણે કાર્યરત થયા પછી લગભગ બે કલાકનો થઈ જશે.

ઉલ્લેખનીય છે કે ભારતમાં પ્રથમ બુલેટ ટ્રેન તા.15મી ઓગસ્ટ-2027 લોન્ચ કરાશે.508 કિલોમીટરની લંબાઈ છે.આખા રૂટનો મુસાફરી સમય બે કલાકનો હશે.પહેલા તબક્કામાં સુરત-બીલીમોરા,બીજા તબક્કામાં વાપી-સુરત,ત્રીજા તબક્કામાં વાપી-ભરૂચ, અમદાવાદ,અંતિમ તબક્કામાં થાણે-અમદાવાદ હશે. જેમાં રૂટ કવરેજમાં ગુજરાત, દા.ન.હ. 352 કિમી, તેમજ મહારાષ્ટ્ર 156 કિમી હશે.જેમાં મુખ્ય શહેરો પૈકી ભરૂચ,અમદાવાદ,વડોદરા,સુરત,વાપી,થાણે અને મુંબઈ છે. આ રૂટમાં 25 નદી પર 17 પુલો પૂર્ણ બની ગયા છે. 235 કિમીમાં 4.7 લાખ અવાજ અવરોધો સ્થાપિત કરાયા છે.

## સુલતાનપુરા ગ્રામ પંચાયતના કામદારોને છૂટા કરાતાં વિવાદ

**10 વર્ષની** સેવા બાદ 11 કામદારને છૂટા કરી દીધા, વેતન અને કામગીરી મુદ્દે ગજગ્રાહ



ભરૂચ: ઝઘડિયાની સુલતાનપુરા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સફાઈ કામદારો અને પંચાયત વહીવટદારો સામસામે આવી જતાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. સેનેટરી પાર્કમાં કામ કરવાના મુદ્દે સર્જાયેલા વિખવાદમાં પંચાયત દ્વારા છેલ્લાં 10 વર્ષથી ફરજ બજાવતા સફાઈ કામદારોને છૂટા કરી દેવામાં આવતાં મામલો ગંભીર બન્યો છે.

આ અન્યાય સામે અવાજ ઉઠાવતા 11 જેટલા સફાઈ કામદારોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તેઓને ન્યાય નહીં મળે તો પંચાયત કચેરી સામે જ આત્મવિલોપન કરશે. કામદારોના આ આકરા વલણના પગલે સમગ્ર ઝઘડિયા પંથકમાં ચકચાર મચી ગઈ છે.

સુલતાનપુરા ગામમાં સેનેટરી પાર્કના સંચાલન અને સફાઈ કામગીરીને લઈને વિવાદની શરૂઆત થઈ હતી. કામદારોનો આક્ષેપ છે કે પંચાયત દ્વારા તેમને અત્યંત દુર્ગંધયુક્ત અને જોખમી કચરામાં કામ કરવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે. આ શ્રમિકો દરરોજ 3 થી 5 કલાક સફાઈની કપરી કામગીરી કરે છે, જેના બદલામાં તેમને દૈનિક માત્ર 160 રૂપિયા જેટલું નજીવું વેતન આપવામાં આવે છે. સેનેટરી પાર્કની ગંદકી વચ્ચે કામ કરવાનો ઈનકાર કરતા, પંચાયત દ્વારા ગત 6 જાન્યુઆરીથી તમામ કામદારોને મૌખિક રીતે ફરજ પરથી છૂટા કરી દેવામાં આવ્યા છે. દાયકાઓથી ગામની સફાઈ કરતા શ્રમિકો અચાનક બેરોજગાર બનતા તેમના પરિવારના ગુજરાન સામે પ્રશ્નાર્થ ચિન્હ ઊભું થયું છે.

કામદારોએ મીડિયા સમક્ષ પોતાનો રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, પંચાયત દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય એકપક્ષીય અને અન્યાયી છે. એક તરફ સરકાર સફાઈ કામદારોના ઉત્થાનની વાતો કરે છે, ત્યારે બીજી તરફ માત્ર 160 રૂપિયામાં અમાનવીય સ્થિતિમાં કામ કરવાનું દબાણ કરવામાં આવે છે.

હાલમાં આ 11 કામદારોએ ન્યાયની માંગ સાથે આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે અને જો વહીવટી તંત્ર દ્વારા યોગ્ય ઉકેલ લાવવામાં નહીં આવે તો તેઓ પંચાયત ભવનની સામે જ આત્મઘાતી પગલું ભરવા મજબૂર બનશે તેવી લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે.

## રાજપીપળામાં અગાઉની અરજીની અદાવતમાં યુવક પર હુમલો

રાજપીપળા: રાજપીપળા નજીકના રસેલા ગામે અગાઉ કરેલી અરજીની અદાવત રાખી એક યુવકને માર માર્યો હતો. રાજપીપળા નજીકના રસેલા ગામના મહેન્દ્રસિંહ બોડાણા પોતાની મોટરસાઈકલ લઈ તોરણા ગામે અનાજ લેવા જઈ રહ્યા હતા. તે સમયે તેજપાલસિંહ જાદવ અને મેઘરાજસિંહ નામના શખ્સોએ તેમને રસ્તામાં રોક્યા હતા. મારા પિતા વિરુદ્ધ અરજી કેમ આપી છે? તેમ કહી બોલાચાલી કરી માર મારવા લાગ્યા હતા. આ દરમિયાન પીયૂષસિંહ જાદવ પણ ત્યાં ધસી આવ્યા હતા અને મહેન્દ્રસિંહને બાઈક પરથી નીચે ઉતારી ફેટ પકડી 'ધારિયું અને બંદૂક લઈ આવો, આજે આને પતાવી દેવો છે' તેવી ધમકી આપી હતી. આ ઝઘડામાં પ્રવીણસિંહ જાદવ અને રાજદીપસિંહ પણ જોડાયા હતા અને મહેન્દ્રસિંહને માર મારી એકબીજાની મદદગારી કરી હતી. ભોગ બનનારની ફરિયાદના આધારે રાજપીપળા પોલીસે પાંચેય આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

## પતિના ત્રાસથી કંટાળી પત્નીએ આપઘાત કર્યો

વ્યારા: ઉચ્છલના આમકુટી ગામે પતિની હેરાનગતિથી ત્રાસી 23 વર્ષીય પરિણીતાએ ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

ઉચ્છલના આમકુટી ગામે પતિ રોહિત અવિનાશ વસાવા સાથે રહેતી અંજલિબેન (ઉં.વ.23)એ પતિ સતત હેરાન કરી મારઝૂડ કરતો હોવાથી કંટાળી જઈ ગત તા.8-1-2026 શનિવારના રોજ બપોરે 3 વાગ્યાના અરસામાં પોતાના ઘરની અંદર લાકડાના બારઠ સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બે મહિના અગાઉ પતિ અવિનાશે અંજલિને માર મારતાં અંજલિએ પોતાની મમ્મીને ફોન કરીને લેવા બોલાવી હતી અને અંજલિને ઘરે લઈ આવ્યા હતા. જો કે, તે દિવસે જ સાંજે રોહિત અંજલિને સમજાવી ઘરે સાથે લઈ ગયો હતો. ત્યારે બે મહિના બાદ અંજલિએ ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અંજલિના ભાઈએ પતિ રોહિત સામે ફરિયાદ આપતાં પોલીસે રોહિત વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ભરૂચમાં બાઈક ચોરાઈ

ભરૂચ: મૂળ સિસોદ્રાના શહેરના શક્તિનગર વિસ્તારમાં રહેતા શ્રેયસકુમાર મહેશભાઈ પટેલની 45 હજારની કિંમતની બાઈક નં.(GJ-16-DE-8999) ચોરાઈ હોવાની ઘટના સામે આવી છે. ગત 28 ડિસેમ્બરના રોજ શ્રેયસકુમાર દહેજ ખાતે નોકરી પર જવા માટે પોતાની બાઈક દશાન આશા તળાવ પાસે પાર્ક કરીને ગયા હતા. સાંજે પરત ફરતા બાઈક ન મળતા તેમણે શોધખોળ હાથ ધરી હતી, પરંતુ કોઈ પત્તો ન લાગતા આખરે 12 દિવસ બાદ પોલીસમાં ઈ-FIR નોંધાવી છે.